**આંક–૨૬**

# મે. મજૂર અદાલત,સુરત (જી. સુરત) ના પ્રિસાઈડીંગ ઓફિસર શ્રી જી. જે. થોરીયા સાહેબ સમક્ષ

**રેફરન્સ(એલ.સી.એન.) કેસ નં.૧૩૩/૨૦૨૧**

પ્રથમ પક્ષકાર : Arkray Healthcare Pvt.Ltd.
ઠે.પ્લોટ નં.૩૩૬,૩૩૮,૩૪૦, રોડ નં.૩,
જી.આઈ.ડી.સી., સચીન, સુરત–૩૯૪૨૩૦

**– : વિરૂઘ્ઘ :–**

બીજા પક્ષકાર : રૂપલ બિમલભાઈ દેસાઈ, અમપ્લોય કોડ નંબર : ૧૦૦૧૭૨
ઠે.૪૦૫૦–પી–૧૨, અયોઘ્યા નગર–૨, તા.નવસારી,
જી.નવસારી–૩૯૬૪૪૫

હાજર રહયા : પ્રથમ પક્ષકાર તરફે વિ.વકિલશ્રી કે.આર.શાહ
બીજા પક્ષકાર તરફે વિ.પ્રતિનિધિશ્રી રવિભાઈ ચૌધરી

**: ખાતાકીય તપાસની કાયદેસરતા બાબતે હુકમ :**

(૧) હાલના રેફરન્સના કામે આ હુકમમાં સગવડતા અને સરળતા ખાતર પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકારને અનુક્રમે ''**સામાવાળા**'' અને ''**અરજદાર**'' તરીકે સંબોધવામાં આવેલા છે.

(૨) આ કામના અરજદારે તેઓને નોકરીમાંથી છુટા કરતા તે અંગેનો ઔદ્યોગીક વિવાદ મદદનીશ શ્રમ આયુકતની કચેરી, સુરત સમક્ષ ઉત્પન્ન કરેલ. ત્યાં આગળ સમાધાન નહી થતાં સદરહું વિવાદ ન્યાય નિર્ણય અર્થે અત્રેની કોર્ટમાં સુપ્રત કરવામાં આવેલ. ત્યારબાદ અરજદારે આંક–૭ થી હાલના કેસમાં માંગણા નિવેદન રજુ કરેલ છે. જેની ટુંકી હકીકત નીચે મુજબ છે.

**(૨.૧)** અરજદાર જણાવે છે કે, અરજદાર આ કામના સામાવાળાઓની સંસ્થામા છેલલા ૨૦ વર્ષથી કાયમી કામદાર તરીકે કલાર્કના હોદ્દા ઉપર માસિક રૂ.૧૩,૧૪૩/– પગારથી ઘણા જ ખંત, પ્રમાણિકતા તેમજ વફાદારીપૂર્વક તેઓની ૮:૦૦ કલાકની નોકરીની ફરજો બજાવતા. અરજદાર અને સામાવાળાઓ વચ્ચે નોકર–માલીકનો સંબંધ અસ્તિત્વમાં હતા. અરજદાર કામદારનો નોકરી સમય દરમ્યાન સર્વિસ રેકર્ડ તદ્દન ચોખ્ખો અને કલંક રહિતનો હતો.

**(૨.૨)** વધુમાં જણાવે છે કે, સામાવાળા તરફથી નોકરીમાંથી જે બરતરફ  કરવાનુ જે હુકમ કરેલ, તે ગુનાની ગંભીરતાને લક્ષમાં રાખી વધુ પડતી સજા બરતરફ કરેલ એટલુ જ નહી કોવિડ–૧૯ ના સમયમાં વર્ચ્યુલી(કોન્ફરન્સ) થી ખાતાકીય તપાસ કરાવેલ અને શરતચુકથી ભાઈની હાજરી કાર્ડના ભુલથી પંચીગ થઈ જતા તેવા નાના ગુના બદલ જે બરતરફની સજા કરવામા આવેલ છે તે ગુનાની ગંભીરતા કરતા ખુબ જ વધુ પડતી ઝુલમી અને અરજદારને આર્થિક મોત નીપજાવનારી તેમજ કોરોના કાળ સમય દરમ્યાન કોઈ કામદારને નોકરીમાંથી છુટા કરવા નહિ અને લોકડાઉનમા પણ બેઠો પગાર આપવાના પરિપત્રની જાણ કંપનીને હોવા છતાં, અરજદારને મોટી સજા કરેલ છે તે ગેરકાયદેસર છે અને ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે. સામાવાળાએ અરજદાર ઉપર કિન્નાખોરી રાખી અને

સામાવાળાના સંસ્થાના કેટલાક અધિકારીઓએ જાણી જોઈને અરજદારને નોકરીમાંથી છુટા કરેલ અને અરજદારને કોઈપણ કાયદાની જાણકારી ન હતી અને કોવિડ–૧૯ મહામારીના સમયે અરજદારની નોકરીમાંથી છુટા કરેલ, પરંતુ કોવિડ–૧૯ મહામારીના સમયે સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ કોઈપણ સંસ્થાએ મહામારીના સમયે કોઈપણ કામદારને તેમની નોકરીમાંથી છુટા કરી શકે તેમ ન હતુ, પરંતુ સામાવાળાએ સરકારશ્રીની કોવિડ–૧૯ મહામારીના સમયે સરકારશ્રીના આદેશનુ ઉલ્લંઘન કરેલ અને સામાવાળાએ અરજદારની ઉપર ખોટા બદઈરાદે કોવિડ–૧૯ વિશ્વ મહામારીના સમયે અરજદારને નોકરીમાંથી છુટા કરેલ કૃત્ય ગેરકાયદેસર અને કોવિડ–૧૯ ના સમયે વર્ચ્યુલી ખાતાકીય તપાસ કરેલ તે ગેરકાયદેસર અને તે ખાતાકીય તપાસ અરજદારને કબુલ મંજુર અને બંધનકર્તા નથી અને ફરીથી નામદાર કોર્ટના આદેશથી ખાતાકીય કરવાની જરૂરીયાત છે. જેથી ફરીથી ખાતાકીય તપાસ કરવામા આવે તો અરજદારને ન્યાય મળે તેમ છે અને ફરીથી ખાતાકીય તપાસ કરવામા આવે તો સામાવાળાને કોઈ નુકસાન થાય તેમ નથી અને બંને પક્ષકારોને ન્યાય મળે તેમ છે.

(૨.૩) વધુમાં જણાવે છે કે, આ કામના સામાવાળા અરજદાને કાયદેસરના હકકો અને લાભો જેવા રજાઓના પગાર, હકક રજા, કેઝ્યુઅલ રજા વગેરે લાભો અને હકકો આપતા ન હતા, જેથી સામાવાળી સંસ્થા પાસેથી કરેલ અરજદારની માંગણીઓનો સ્વીકાર કરેલ નહી. જેથી કામદારો યુનિયનમા જોડાયને યુનિયન મારફત હકકો અને લાભોની સામાવાળા પાસે માંગણીઓ કરેલ જેના કારણે સામાવાળાએ યુનિયન છોડી દેવા તેમજ તમામ માંગણીઓ ભુલી જવા

ધમકીઓ આપતા હતા. પરંતુ કામદારોએ યુનિયન છોડી દેવાની ના પાડતા તેમજ માંગણીઓ ભુલી જવાની ના પાડતા સામાવાળા કામદારો ઉપર એકાએક ઉશકેરાય જઈને કિન્નાખોરી રાખી કામદારોના કોઈપણ જાતની લેખિત નોટીસ આપ્યા વગર કે કોઈપણ ખાતાકીય તપાસ કે ઈન્કવાયરી કર્યા વગર ફકત મૌખિક હુકમથી તા.૧૩/૮/૨૦૨૦ ના રોજથી મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરી દીધેલ અને સામાવાળાએ અરજદારને છુટા કરતા પહેલા તેઓને નોટીસ કે લીગલ ડયુઝ ચુકવેલ નથી. આમ,સામાવાળાએ અરજદારના કોઈ પણ વાંક કે ગુના વગર મૌખિક હુકમથી મનસ્વી રીતે નોકરીમાંથી છુટા કરી બેકારીના ખપ્પરમા હોમી દીધેલ તેમજ અરજદારે સામાવાળાની સંસ્થામા ૩૦૦ દિવસથી વધારે કામ કરેલ અને દરરોજ નોકરી ઉપર હાજર થાય ત્યારે હાજરી ભરાવતા હતા તે હાજરીનો તમામ રેકર્ડ સામાવાળા પોતાની પાસે રાખતા અને અરજદારને કોઈ પુરાવાઓ આપતા ન હતા કે આજદિન સુધી આપેલ નથી. અરજદાર સામાવાળાને ત્યા નોકરી ઉપર હાજર થયેલ ત્યારથી હાજરીના પુરાવા, પગારના પુરાવા, નોકરીના પુરાવા ઓળખ પત્રના પુરાવા વગેરે માંગણી કરતા હતા, પરંતુ સામાવાળા આપતા ન હતા.

(૨.૪) વધુમાં જણાવે છે કે, સામાવાળાની સંસ્થા અરજદારને નોકરીમાંથી છુટા કર્યા બાદ અરજદારને પડેલા દિવસોના પુરેપુરા પગાર સાથે સળંગ સર્વિસથી મૂળ જગ્યાએ પુન:સ્થાપિત કરવા મહેરબાન મદદનીશ શ્રમઆયુકતશ્રીની કચેરી, સુરત ખાતે એક ફરીયાદ નોંધાયેલ જેમા પણ સામાવાળા સંસ્થાએ હાજર રહેલા નહી અને અરજદારને નોકરી ઉપર પુન:સ્થાપિત કરવાની તસ્દી લીધેલ નથી. જેથી હાલનો રેફરન્સ ઉપસ્થિત કરેલ છે.

**(૨.૫)** વધુમાં જણાવે છે કે, અરજદાર કામદારને નોકરીમાંથી છુટા કર્યા બાદ તેઓ બીજી ઘણી બધી જગ્યાએ નોકરીની તપાસ કરેલ, પરંતુ નોકરી કે કામ મળેલ નથી. અરજદાર હાલ બેકાર છે. તેથી હાલપણ પડેલા દિવસોની તકરાર ઉભી રાખીને સામાવાળા સંસ્થામા કામે જવા તૈયાર છે અને હાલ પણ સામાવાળાની સંસ્થા ચાલુ છે. આમ, સામાવાળા સંસ્થા ધ્વારા તા.૧૩/૮/૨૦૨૦ ના રોજથી છુટા કરવાનુ પગલુ ગેરકાયદેસર અને અન્યાય કરતુ હોય, અરજદારને નોકરીમાંથી છુટા કર્યા તારીખથી પડેલ દિવસોના પુરે પુરા પગાર તથા તમામ આનુસંગિક લાભો સાથે સળંગ નોકરી ગણી મૂળ જગ્યાએ પુન:સ્થાપિત કરે તેવો હુકમ કરવા અને અરજીનો તમામ ખર્ચ સામાવાળા પાસેથી અપાવવા અરજદારે દાદ માંગેલ છે.

(૩) સામાવાળા તરફે **આંક-૧૩** થી તેઓનો જવાબ રજુ કરેલ છે, જે નીચે મુજબ છે.

**(૩.૧)** સદરહું જવાબમાં અરજદારની તમામ હકિકતોનો ઈનકાર કરવામાં આવેલ છે, કુદરતી ન્યાયના સિધ્ધાંતો અનુસાર ખાતાકીય તપાસ થયેલ હોય અને આ કામે ખાતાકીય તપાસ કાર્યવાહીની નોંધ અરજદારનાઓનુ તહોમતનામું વગેરે અને તેનો અહેવાલ રજુ કરેલ હોય ના, કોર્ટને આ કામના ગુણો ચકાસવાની સત્તા ન હોય, અરજદાર ચોખ્ખા હાથે નામ.કોર્ટ સમક્ષ ઉપસ્થિત થયેલ ન હોય તેથી અરજી રદ બાતલ થવા પાત્ર છે. અરજદારનાઓ ધ્વારા પોતે વકિલ રોકી પોતાનો બચાવ કરેલ હોય, સામાવાળા કંપનીને ઔધોગિક વિવાદ ધારાની કલમ-૩૬(૪) નો બાધ નડતો ન હોય, કંપની વકિલ રોકી પોતાનો બચાવ કરવા કાયદેસર હકકદાર છે.

**(૩.૨)** વધુમાં ખરી હકિકતે જણાવે છે કે, અરજદાર ધ્વારા

સવારે અને સાંજે બેવ સમયે કંપનીમા આવતા અને જતા સમયે પોતાના સહ કર્મચારીનુ કાર્ડ પંચ કરેલ તે તદ્દન ખોટી અને જુઠ્ઠી રજુઆત છે કારણ કે અરજદાર ધ્વારા તે ગુનો કબુલ કરી માફીનામુ પણ લખી આપેલ. આમ, સામાવાળા કંપની ધ્વારા બંને શ્રમયોગી  ભરત નાયક અને રૂપાલ દેસાઈ સામે ખાતાકીય તપાસ કરવામા આવેલ હતી અને તેમા તેઓ કસુરવાર ઠરેલ હોય તેઓ સામે શિસ્તબધ્ધ કાર્યવાહીના પગલા હેઠળ તેઓને કંપનીમાંથી તેઓના નીકળતા તમામ હકક–હિસ્સાના નાણા ચુકવ્યા બાદ બરતરફ કરેલ હતા. વધુમાં ખાતાકીય તપાસમા ફકત તપાસ અધિકારી જ વર્ચ્યુઅલી હાજર હતા બાકી બધા જ પક્ષકારો કંપનીમા ફીઝિકલી હાજર હતા અને બીજા પક્ષકારનાઓને પોતાના બચાવ માટે પુરતી તકો આપી તદ્ઉપરાંત તેઓના બચાવ માટે તેઓના બચાવ પ્રતિનિધિ માટે પણ પ્રસ્તાવ આપેલ હતો જે તેઓ ધ્વારા સ્વીકારેલ ન હતો અને પોતાનો બચાવ તેઓ પોતેજ કરશે તેમ જણાવેલ હતુ. આમ, ખાતાકીય તપાસ કુદરતી ન્યાયના સિધ્ધાંતોનુ પાલન કરી કરવામા આવેલ છે. વધુમાં જણાવેલ કે, અરજદાર શ્રમયોગી  ઘણા વર્ષોથી યુનિયનના સભ્ય હતા અને તેમના જેવા ઘણા બધા કંપનીના શ્રમયોગી યુનિયનના સભ્યો છે, પરંતુ ફકત રૂપ લ દેસાઈ અને ભરત નાયકનાઓ વિરુધ્ધ, કાર્યવાહી શુ કામ કયારેલ હતી તેનુ કોઈપણ યોગ્ય કારણ માંગણાના નિવેદનમા અપાયેલ નથી. આથી અરજદારની રજુઆત કે યુનિયનમા જોડાયેલા હોય તેમની વિરુધ્ધ કાર્યવાહી કરેલ તે ખોટી રજુઆત છે. આખિરમાં ના.કોર્ટને જણાવે છે કે,તા.૧૧/૧/૨૦૨૧ ના રોજ અરજદારોના બેન્કના ખાતામા તેઓના ફુલ એન્ડ ફાઈનલ સેટલમેન્ટ પેટે રૂા.૬૮,૦૧૦/– ટ્રાન્સફર કરવામા આવેલ હતા, જે ના.કોર્ટ સમક્ષ રજુઆત કરેલ નથી અને તેથી અરજદારો ના.કોર્ટ સમક્ષ ખોટી અને અધુરી

રજુઆત કરી તેને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરેલ. આમ, ના.કોર્ટનુ ધ્યાન દોરવાનુ કે સામાવાળા કંપની ધ્વારા કુદરતી ન્યાયના સિધ્ધાંતોનુ પાલન કરી ખાતાકીય તપાસ હાથ ધરેલ અને અરજદારોને તેઓના નીકળતા તમામ હકક હિસ્સાના નાણા ચુકવી આપેલ છે.આમ, સદર કામે થયેલ કુદરતી ન્યાયના સિધ્ધાંતો અનુસારની ખાતાકીય તપાસને ન્યાયી અને વ્યાજબી જાહેર કરી, તેના અહેવાલ પ્રમાણેના શિસ્તબધ્ધ, કાર્યવાહીના ફરજમુકતના પગલાને યોગ્ય જાહેર કરવા વિનંતી કરેલ છે.

(૪) આંક–૧૨ થી બીજા પક્ષકારે ખાતાકીય તપાસ કુદરતી ન્યાયના સિધ્ધાંત અનુસાર કરવામા આવેલ છે કે કેમ તે પ્રાથમિક મુદ્દોઉપસ્થિત કરવા અરજી કરેલી હોય, જે મુજબનો પ્રાથમિક મુદ્દો પ્રથમ નિર્ણત કરવા હુકમ કરેલો છે. તેથી તે સંદર્ભે પુરાવો લેવામા આવેલ છે.

(૫) બીજા પક્ષકાર તરફથી મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ નીચે મુજબ રજુ થયેલ છે.

**–:: મૌ ખિ ક પુ રા વા ::–**

| અનું. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | બીજા પક્ષકાર  રૂપલ બિમલભાઈ દેસાઈની જુબાની | આંક–૨૦ |

**–:: દસ્તાવેજી પુ રા વા ::–**

| અનું. | દસ્તાવેજી પુરાવા | આંક |
|---|---|---|
| ૧ | ખાતાકીય તપાસ કાર્યવાહીની નોંધ | નિ.૯/૧ |
| ૨ | બીજા પક્ષકારનાઓનો તહોમતનામાનો જવાબ | નિ.૯/૨ |
| ૩ | તપાસ કાર્યવાહીની જાણનો પત્ર મળ્યાની પહોંચ | નિ.૯/૩ |
| ૪ | તપાસ કાર્યવાહીની જાણનો પત્ર પોસ્ટ કર્યાની રસીદ | નિ.૯/૪ |
| ૫ | તપાસ કાર્યવાહીની જાણનો પત્ર | નિ.૯/૫ |

| | | |
|---|---|---|
| ૬ | મેનેજમેન્ટ રિપ્રેઝેન્ટિવનાઓનો નિમણૂંક પત્ર | નિ.૯/૬ |
| ૭ | ઈંકવાયરીસ ઓફીસીની નિમણૂંકનો પત્ર | નિ.૯/૭ |
| ૮ | તપાસ કાર્યવાહી પૂર્ણ થાય તાત્પુરતા ફરજ મોકુફીનો પત્ર | નિ.૯/૮ |
| ૯ | બી.પક્ષ તહોમતનામુ | નિ.૯/૯ |
| ૧૦ | ખાતાકીય તપાસનો રીપોર્ટ | નિ.૯/૧૦ |
| ૧૧ | SCC 2015-2-610 | નિ.૯/૧૧ |

અરજદાર તરફે વધુ પુરાવા રજુ કરતા ન હોવાથી તેઓનો વધુ પુરાવો રજુ કરવાનો હકક તા.૧૮/૩/૨૪ ના રોજ બંધ કરવામા આવેલ છે.

(૬) પ્રથમ પક્ષકાર તરફથી દસ્તાવેજી પુરાવાઓ નીચે મુજબ રજુ થયેલ છે.

**-:: દસ્તાવેજી પુ રા વા ::-**

| **અનું.** | **દસ્તાવેજી પુરાવા** | **આંક** |
|---|---|---|
| ૧ | COPY OF PAYMENT OF SUBSISTENCE ALLOWANCE | નિ.૨૧/૧ |
| ૨ | COPY OF FNF PAYMENT | નિ.૨૧/૨ |

સામાવાળા તરફે વધુ કોઈ પુરાવા રજુ કરવા માંગતા નથી, તેથી આંક-૨૨ થી સામાવાળા તરફે કલોઝીંગ પુરશીસ રજુ કરવામાં આવેલ છે.

(૭) અરજદાર તરફે ખાતાકીય તપાસની દલીલ સાંભળી.

(૮) સામાવાળા તરફે આંક-૨૪ થી લેખિત દલીલ રજુ કરેલ છે.

(૯) ઉપરોકત વિગતે બંને પક્ષોના વિ.વ.શ્રીઓની દલીલો તથા પક્ષ નિવેદન અને પડેલ પુરાવા આધારે મારી સમક્ષ ખાતાકીય તપાસની કાયદેસરતા અને યોગ્યતા નકકી કરવા માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## – : : મુદ્દાઓ : : –

(૧) શું આ કામના અરજદાર વિરુધ્ધ સામાવાળી સંસ્થા દ્વારા કરવામાં આવેલ ખાતાકીય તપાસની કાર્યવાહી ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરુધ્ધની છે ?

(૨) શું હુકમ ?

## – : : નિષ્કર્ષ : : –

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## – : : પરામર્શ : : –

***મુદ્દા નં.(૧)***

**(૧૦)**ખાતાકીય કાર્યવાહીમાં મૂળભુત રીતે કુદરતી ન્યાયના સિધ્ધાંતનો અમલ કરવાનો રહે છે. કુદરતી ન્યાયનો સિધ્ધાંત એ ખુબ વિસ્તૃત ખ્યાલ છે. જેમાં કામદારને યોગ્ય અને પુરતી તક પોતાનો ખુલાસો રજુ કરવા આપવાની હોય છે. વળી જે વ્યકિત તપાસ કરતી હોય તે નિષ્પક્ષ અને પુર્વગ્રહ રહીત હોવો જોઈએ. ખાતાકીય તપાસ કરનાર વ્યકિત પુર્વગ્રહ રહીત હોવો જોઈએ અને પોતે આ ખાતાકીય તપાસમાં કોઈ રીતે રસ ધરાવતો ન હોવો જોઈએ. તેમજ ખાતાકીય તપાસ કરનાર સ્વતંત્ર અને નિષ્પક્ષ હોવો જોઈએ. ખાતાકીય તપાસ કરનાર પોતે જ પોતાના કેસમાં ન્યાયાધિશ ન બને તેવો હોવો જોઈએ. વળી અરજદાર સામે જે જે આક્ષેપો હોય તે આક્ષેપો અને આધાર રાખવામાં આવતા દસ્તાવેજો અરજદારને પુરા પાડવા

જોઈએ કે જેથી તે પોતાનો બચાવ કરી શકે. વળી જે દસ્તાવેજો સામાવાળાના કબ્જામાં હોય અને આવા દસ્તાવેજો ખાતાકીય તપાસ માટે મહત્વના હોય ત્યારે કામદાર તેવા દસ્તાવેજોની માંગણી કરતો હોય તો તેવા દસ્તાવેજો તેને પુરા પાડવા જોઈએ. જે પણ કુદરતી ન્યાયના સિધ્ધાંતનો ભાગ ગણાય. જેથી કામદાર પોતે પોતાનો અસરકારક બચાવ રજુ કરી શકે. વળી કામદારને તેની ઉપરના આક્ષેપોની જાણકારી આપવી જોઈએ, લેખિત જવાબ મંગાવવો જોઈએ, સંસ્થા તરફે રજુ થતાં સાક્ષીઓ તેની હાજરીમાં તપાસવા, તેની ઉલટતપાસ કરવાની તક આપવી, પોતાના સાક્ષીઓને તપાસવા, તેને આક્ષેપો વિરુધ્ધના પુરાવા રજુ કરવાની તક આપવી, પોતાના પુરાવા સાબીત કરવાની તક આપવી તેમજ જો તે પોતાનો કેસ રજુ કરવા મદદગાર માંગે તો મદદગાર આપવાની મંજુરી આપવી વિગેરે બાબતોનો સમાવેશ કુદરતી ન્યાયના સિધ્ધાંતમાં થાય છે. કુદરતી ન્યાયના સિધ્ધાંતના ખ્યાલને નજર સમક્ષ રાખતા અરજદારના જે કથનો છે તે અંગે ચર્ચા કરવાની થાય છે.

**(૧૧)**અરજદાર તરફે થયેલ લંબાણપુર્વકની દલીલોમાં મોટા ભાગની દલીલો ખાતાકીય તપાસમાં રજુ થયેલ પુરાવાના ગુણ–દોષ ઉપરની જ કરવામાં આવેલી છે. જેથી તે અંગે હાલના તબકકે કોઈ ટીપ્પણી કરવાનું જરૂરી જણાતું નથી. કારણ કે, હાલ કોર્ટે એટલું જ જોવાનું છે કે, ખાતાકીય તપાસ કુદરતી ન્યાયના સિધ્ધાંતો અનુસાર થયેલી છે કે કેમ ? જો ખાતાકીય તપાસ કાયદેસરની ઠરે તો ત્યારબાદ કોર્ટે ખાતાકીય તપાસ અધિકારીએ આપેલા તારણો પુરાવાને આધીન છે કે કેમ ? અને આવા તારણો પર્વર્શ છે કે કેમ ? તેટલું જ જોવાનું છે. ત્યારબાદ સંસ્થાએ કરેલી સજા ગુનાના સંદર્ભમાં અપ્ર

માણસર છે કે કેમ ? તે પછીના તબકકામાં ઘ્યાને લેવાનું હોય છે. જેથી હાલ પુરાવાના ગુણ–દોષ ઉપર કરવામાં આવેલી દલીલોની હાલ કોઈ ટીપ્પણી કરવાની જરૂર રહેતી નથી. અરજદાર તરફે એવી રજુઆત નથી કે, દસ્તાવેજો અરજદારે માંગેલ હોય અને આપેલા ન હોય. માંગણાના નિવેદન અને પુરાવાના સોગંદનામામાં એવા કોઈ કથનો નથી કે, તેમને બચાવ બાબતે પુરતી અને વ્યાજબી તક આપેલી ન હોય અથવા તો બચાવના પ્રતિનિધિશ્રી રોકવાની તક આપેલ ન હોય. ખાતાકીય તપાસનુ રોજકામ ઘ્યાને લેતા તથા અરજદારને કરવામાં આવેલ ઉલટ તપાસ જોતા તે સ્પષ્ટ થાય છે કે અરજદારને ચાર્જશીટ આપ્યા બાદ તેમા તેમણે જવાબ આપેલો છે, ઈન્કવાયરીની દરેક મુદ્દતે તેઓ હાજર રહેલા અને પ્રતિનિધિશ્રી પણ હાજર રાખવા પરવાનગી આપેલી છે, પરંતુ અરજદારે પ્રતિનિધિશ્રી રોકેલા નહી, ઈન્કવાયરીમાં જે રજુઆત હતી તેની નોંધ કરવામા આવતી અને જે તે તારીખના રોજકામમાં તેમની સહિ પણ લેવામા આવતી. અરજદારની સરતપાસનુ સોગંદનામુ તથા માંગણાનુ નિવેદન જોવામા આવે તો એવા લેશમાત્ર કથન નથી કે અરજદારને પુરતી અને વ્યાજબી તક કેવી રીતે મળેલી નહી. વધુમાં તેઓએ કોઈ દસ્તાવેજોની માંગણી કરેલી હોય તેવુ પણ રેકર્ડ પર નથી કે અન્ય કોઈ વાંધો તકરાર કાર્યવાહી બાબતે ઉઠાવેલ હોય, તેવુ પણ રેકર્ડ ઉપર નથી. આમ, કોઈ સ્પષ્ટ કથનોના અભાવે તથા ઉપર ચર્ચા કર્યા પ્રમાણે પુરતી અને વ્યાજબી તક અરજદારને મળેલ હોવાનુ રેકર્ડ ઉપરથી જણાય છે. આમ સમગ્ર રીતે અરજદારની સામે કરવામાં આવેલી ખાતાકીય તપાસ કુદરતી ન્યાયના સિઘ્ઘાંતો ભંગ થયેલો હોય તેવું જણાતું નથી. જેથી મુદ્દા નં.(૧) નો જવાબ ''**નકાર**'' માં ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં.(ર) અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં

આવે છે.

**– : : હુકમ : : –**

અરજદાર સામેની સામાવાળા દ્વારા કરવામાં આવેલ ખાતાકીય તપાસની કાર્યવાહી કાયદેસર અને કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબની હોવાનું ઠરાવવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ રોજ તારીખ–૧૧મી, માહે–નવેમ્બર, સને–૨૦૨૪ ના રોજ ખુલ્લાં ન્યાયાલયમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

**(ઘનશ્યામ જયંતભાઈ થોરીયા )**
પ્રિસાઈડીંગ ઓફિસર
મજૂર અદાલત, સુરત.
**GJ00842**

તારીખ : ૧૧/૧૧/૨૦૨૪
સુરત.